સમગ્ર ઉત્તર ભારત ધૂમ્મસના સકંજામાં

કાશ્મીર ખીણના જુદા જુદા ભાગોમાં નવેસરથી હિમવર્ષા થતા ઠંડીમાં વધારો

નવી દિલ્હી,તા.૬

સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી પડી રહી છે. કાતિલ ઠંડી અને ધૂમ્મસના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. કાશ્મીર ખીણમાં નવેસરથી હિમવર્ષા થતા ઠંડીમાં એકાએક વધારો થયો છે. શ્રીનગરમાં ૨.૩ મીમી જેટલો બરફ પડ્યો છે જેથી તાપમાનમાં વધુ ઘટાડો થયો છે. પહેલગામમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૭.૪ ડિગ્રી થયુ છે જ્યારે વિશ્વપ્રસિદ્ધ સ્કી રિસોર્ટ ગુલમર્ગમાં તાપમાન માઈનસ ૯.૭ ડિગ્રી થયુ છે. પહેલગામમાં પણ હિમવર્ષા થઈ છે. ગુલમર્ગમાં પણ હિમવર્ષા થઈ છે. જમ્મુ કાશ્મીર ઉપરાંત હિમાચલના કેટલાક ભાગોમાં પણ હિમવર્ષા થઈ છે. કારગીલમાં માઈનસ ૧૩.૧ ડિગ્રી તાપમાન થયુ છે. જ્યારે લેહમાં માઈનસ ૭.૯ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. ઉત્તરપ્રદેશ, પંજાબ, રાજસ્થાન, દિલ્હી, હરિયાણામાં જનજીવનને ઠંડીના કારણે અસર થઈ છે. આજે સવારે દિલ્હીમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ હતી જેથી એર ટ્રાફિકને માઠી અસર થઈ હતી. ૧૫૦ ફ્લાઈટોને આના કારણે અસર થઈ હતી. ઓછામાં ઓછી ૯૦થી વધારે ફ્લાઈટોને રદ્દ કરવાની ફરજ પડી હતી. સિઝનમાં સૌથી ખરાબ અસર ધૂમ્મસથી થઈ હતી.

ધુમ્મસની તીવ્ર ચાદરના

પરિણામ સ્વરૂપે દિલ્હીના ઈંદીરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ફ્લાઈટ સેવા બંધ રાખવામાં આવી હતી. ૧૫૦ જેટલી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. કેટલીક ફ્લાઈટો ડાઈવર્ટ પણ કરવામાં આવી હતી. ગઈકાલે રાત્રે આઠ વાગ્યાથી લઈને આજે વહેલી સવારે આઠ વાગ્યા વચ્ચેના ગાળામાં ૧૫૦ ફ્લાઈટોના સમયમાં ફેરફાર કરાયો હતો. કેટલીક ફ્લાઈટોને અહીંથી રદ પણ કરવામાં આવી હતી. ધુમ્મસના કારણે એરપોર્ટ ઉપર વેજિબિલિટી ઘટી ગઈ હતી. આશરે ૫૧ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો અહીંથી રવાના થનાર હતી. પરંતુ આ બાબત શક્ય બની ન હતી. ૫૨ જેટલી ઈનકમીંગ ફ્લાઈટોને અમૃતસર, લખનૌ અને અન્ય સ્થળો ઉપર ડાયવર્ટ કરવામાં આવી હતી. ગોવાથી દિલ્હી સુધીની સ્પાઈસજેટની ફ્લાઈટને સવારે ૯.૫૦ વાગે તાકીદના ઉતરાણની ફરજ પડી હતી. કારણ કે આ વિમાનમાં ફ્યુઅલની અછત સર્જાઈ હતી. આ વિમાનમાં ૧૩૨ યાત્રીઓ અને ચાર વિમાની કર્મચારીઓ હતા. રદ કરવામાં આવેલી ફ્લાઈટો માટે રિફંડ લેવા માટે પણ એરલાઈનના કાઉન્ટરો ઉપર લાંબી લાઈનો જોવા મળી હતી. કેટલાક લોકોને વધારે ઉતાવળ હોવાથી રિફંડની પ્રક્રિયા તરત હાથ ધરવામાં આવી હતી. દરમિયાન દેશના અન્ય ભાગોમાં પણ આજે સવારે આવી જ સ્થિતિ જોવા મળી હતી. ધુમ્મસના કારણે ટ્રેન સેવા પણ મોટા શહેરોમાં ખોરવાઈ ગઈ હતી. ઘણી ટ્રેનો નિર્ધારિત સમય કરતા મોડેથી દોડી રહી છે.

કાશ્મીર મામલે ભૂષણના નિવેદનથી ચકચાર

નવી દિલ્હી,તા. ૬

આમ આદમી પાર્ટીના મોટા નેતા પ્રશાંત ભૂષણે એક વખત ફરી કાશ્મીર અંગે નિવેદન કરીને મોટો વિવાદ છેડી દીધો છે જેના પરિણામ સ્વરૂપે હવે આમ આદમી પાર્ટીને ડેમેજ કન્ટ્રોલ કવાયત હાથ ધરવાની ફરજ પડી છે અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે ખુલાસો કર્યો છે તે પ્રશાંત ભૂષણનો આ અંગત મત છે. પક્ષનો કોઈ મત નથી. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ખુલાસો કરતા કહ્યુ છે કે કાશ્મીરમાં આર્મી અંગે જનમત સંગ્રહનો તેઓ વિરોધ કરે છે. કેજરીવાલે એમ પણ કહ્યુ છે કે આંતરિક સુરક્ષા અંગેના નિર્ણય કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના આધાર પર લેવામાં આવે છે. કાશ્મીરમાં સેનાની તૈનાતી અંગે જનમત હોઈ શકે નહીં. આંતરિક સુરક્ષાના આધાર પર દેશમાં સેનાની તૈનાતીના નિર્ણય કરવામાં આવે છે. પ્રશાંત ભૂષણે અગાઉ એમ કહીને વિવાદ છેડી દીધો હતો કે કાશ્મીર ખીણમાં તૈનાત સેનાને દૂર કરવા માટે જનમત સંગ્રહ કરાવવામાં આવે તે જરૂરી છે. તેમણે કાશ્મીરમાં સેનાની તૈનાતીને કાશ્મીરી લોકોના

માનવઅધિકારના ભંગ તરીકે ગણાવીને કહ્યુ હતુકે ખીણમાં રહેતા લોકોની ઈચ્છાનું સન્માન થવું જોઈએ. બીજી તરફ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વિનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તરત જ આ મામલે ઉભા થયેલા વિવાદને શાંત કરવાના પ્રયાસ હાથ ધર્યા હતા. કેજરીવાલે કહ્યુ હતુકે અમે પ્રશાંત ભૂષણના નિવેદન સાથે સમ્મત નથી. પ્રશાંત ભૂષણે જે કાઈ પણ કહ્યુ છે તે તેમનો અંગત મત છે.

દિલ્હી સરકારના પ્રધાન સોમનાથ ભારતીએ પણ પ્રશાંત ભૂષણના નિવેદનને ફગાવી દઈને કહ્યુ છે કે કાશ્મીર ભારતનો અખંડ હિસ્સો છે. ન્યૂઝ ચેનલ સાથે એક કાર્યક્રમમાં પ્રશાંત ભૂષણે કહ્યુ હતુ કે કાશ્મીરમાં રહેતા લોકોને પ્રશ્ન કરવો જોઈએ કે કાશ્મીરની આંતરિક સુરક્ષાની જવાબદારી સેનાને સોંપવી જોઈએ કે કેમ. જે નિર્ણયમાં લોકોની સહમતી હોતી નથી તે નિર્ણયો લોકશાહીના નથી. ભૂષણે એમ પણ કહ્યુ હતુ કે જો કાશ્મીરી લોકોને એમ લાગે છે કે સેના તેમના માનવ અધિકારોનો ભંગ કરી રહી છે તો સેનાને ખસેડી લેવી જોઈએ. તેમની સુરક્ષામાં સેના ન હોવી જોઈએ તેવી ઈચ્છા લોકોની હોય તો સેનાને ખસેડી લેવી જોઈએ. અત્રે નોંધનીય છેકે આ અગાઉ વર્ષ ૨૦૧૧માં પણ પ્રશાંત ભૂષણે ભારતથી અલગ થવાને લઈને કાશ્મીરમાં જનમત સંગ્રહની માંગ લઈને ભારે વિવાદ છેડી દીધો હતો પરંતુ આ વખતે તેમનો મત જુદો હતો. જો જનમત સંગ્રહ થાય છે અને કાશ્મીર ભારતથી અલગ થવા ઈચ્છે છે તો શું કરવું જોઈએ તે અંગે પુછવામાં આવતા ભૂષણે કહ્યુ હતુ કે આવી સ્થિતિમાં બંધારણીયરીતે ઉકેલ શોધવો જોઈએ. તેમણે ઉમેર્ય હતુ કે ભારતથી અલગ થવાની મંજુરી બંધારણમાં આપવામાં આવી નથી. અમને બંધારણીય રસ્તો શોધવો જોઈએ. ખીણમાં રહેતા લોકોના મન જીતવા જોઈએ. ખીણમાં રહેતા લોકો પોતાને મુખ્યપ્રવાહમાં અનુભવ કરી રહ્યા નથી કારણ કે તેમની ઈચ્છાવિરુદ્ધ સેના તૈનાત કરવામાં આવી છે. પ્રશાંત ભૂષણે એમ પણ કહ્યુ હતુ કે સરકારની પાસે આ બાબતે વિશેષાધિકાર છે કે તે દેશની સરહદ પર સેનાની તૈનાતી કરી શકે છે. સરકાર પાસે એવા અધિકાર છેકે બહારના ખતરાઓને પહોંચી વળવા સરહદ પર સેનાની તૈનાતી હોવી જોઈએ કે કેમ. સરકારને આવો પણ અધિકાર છે કે ખીણના લઘુમતિ લોકોની સુરક્ષા માટે સેનાની તૈનાતી થવી જોઈએ કે કેમ. આમ આદમી પાર્ટીએ હોબાળો મચાવ્યા બાદ પત્રકાર પરિષદ યોજી હતી અને પક્ષના નેતા કુમાર વિશ્વાસ અને દિલીપ પાંડેએ ખુલાસો કર્યો હતો. પત્રકાર પરિષદમાં પ્રશાંત ભૂષણ પહોંચ્યા ન હતા. તેમના નિવેદનને વાંચીને સંભળાવવામાં આવ્યુ હતુ. કુમાર વિશ્વાસે કહ્યુ હતુ કે તેમની પાર્ટી અખંડ ભારતમાં વિશ્વાસ રાખે છે.

જગુઆર એક્સએફ ભારતમાં લોન્ચ થઈ

નવી દિલ્હી,તા. ૬

તાતાની માલિકીની જગુઆર લેન્ડ રોવરે ભારતમાં તેની જગુઆર એક્સએફ સેડાન નામની પેટ્રોલ કાર લોન્ચ કરી દીધી છે. આ કારની કિંમત મુંબઈના એક્સ શોરૂમ પર ૪૮.૩ લાખ રૂપિયા રહેશે. એક નિવેદનમાં જગુઆર લેન્ડ રોવરે કહ્યુ છેકે નવી કારની કિંમતને લઈને કોઈ પણ ગુંચ નથી. આ કારના એન્જિનમાં વિશેષતા રહેલી છે. આ ઉપરાંત લક્ઝરિયસ સ્ટાઈલની ક્લાસી અપીલ પણ આ કાર ધરાવે છે. તેમાં આગળના ભાગે કેમેરા, સનરૂપ અને નેવીગેશન સિસ્ટમ રહેશે. સમગ્ર જગુઆર ઈન્ડિયા મોડલ દેશના ૧૭ શહેરોમાં ઉપલબ્ધ બનશે. દેશના ૧૯ આઉટલેટ પર આ કાર મળી શકશે. જગુઆર લેન્ડ રોવર પોતાની લક્ઝરીયસ કાર માટે જાણિતી કંપની છે. તાતાની માલિકી થોડાક વર્ષ પહેલા થઈ ગયા બાદ પણ કિંમતી કારની ગોપનિયતા અકબંધ રહી છે. કંપની પેટ્રોલમાં આ કાર ઉપલબ્ધ કરાવવા જઈ રહી છે. જગુઆર એક્સએફ ૨.૦એલ પેટ્રોલ એન્જીનને લઈને લોકો હવે સર્ચ કરી રહ્યા છે.

કર્મચારીઓનો નૈતિક જુસ્સો વધારાશે

સ્ટાફ જાળવવા ઈન્ફોસીસ બે આંકમાં પગાર વધારશે

બેંગ્લોર,તા. ૬

મહાકાય કંપની ઈન્ફોસીસ તેના સ્ટાફને જાળવી રાખવાના હેતુસર બે આંકડામાં પગાર વધારો કરવા વિચારણા કરી રહી છે. સિનિયર સ્તરના ઘણા કર્મચારીઓ નીકળી ગયા બાદ ઈન્ફોસીસ તીવ્ર સ્પર્ધા વચ્ચે સ્ટાફને જાળવી રાખવા બે આંકડામાં પગાર વધારો કરશે. ચેરમેન એનઆર નારાયણ મૂર્થિએ કહ્યું છે કે ઈન્ફોસીસ દ્વારા આ સંદર્ભમાં વિચારણા ચાલી રહી છે. નારાયણ મૂર્થિ ૧.૫ લાખ કર્મચારીઓના વર્કફોર્સને જાળવી રાખળા માટે સંપૂર્ણપણે

તૈયાર છે. કંપનીમાં જુદા જુદા સ્તરો ઉપર ચર્ચા ચાલી રહી છે. ટૂંકમાં જ અંતિમ નિર્ણય લેવામાં આવશે. જાણકાર સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ગ્રોથમાં હવે ઝડપી પ્રગતિ નોંધાઈ રહી છે. તાજેતરના સમયમાં બેંગ્લોર સ્થિત કંપનીમાંથી ઘણા કર્મચારીઓ નીકળી ગયા છે જેના પરિણામ સ્વરૂપે કર્મચારીઓનો નૈતિક જુસ્સો વધારવાના હેતુસર આકર્ષક પગાર વધારા ઉપર હિલચાલ ચાલી રહી છે. જાણકાર લોકોનું એમ પણ કહેવું છે કે કંપની અંતિમ નિર્ણય ઉપર પહોંચી ચૂકી છે. માત્ર જાહેરાત કરવાની બાકી રહી ગઈ છે. નામ જાહેર નહીં કરવાની શરતે ઈન્ફોસીસના એક અધિકારીએ કહ્યું છે કે કર્મચારીઓને પ્રોત્સાહન આપવા પગારમાં વધારો ૧૨ ટકા સુધીનો રહી શકે છે. ઈન્ફોસીસ સામાન્ય રીતે જૂન મહિનામાં પગારમાં વધારો કરે છે.

કંપનીના મહિલા પ્રવક્તાએ હાલમાં જ આ અંગે માહિતી આપવાનો ઈન્કાર કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ઈન્ફોસીસે ભારતમાં તેના સ્ટાફ માટે પગારમાં સરેરાશ આઠ ટકાનો વધારો કર્યો હતો. મૂર્થિએ જૂન મહિનામાં કારોબારી ચેરમેન તરીકે કંપનીનું નેતૃત્વ કરવા ફરીથી તૈયારી દર્શાવ્યા બાદ આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઈન્ફોસીસને દેશની મહાકાય કંપની તરીકે ગણવામાં આવે છે. તેની પ્રતિષ્ઠાને જોતા તે જૂન મહિના સુધી કર્મચારીઓના પગારમાં તીવ્ર વધારો કરશે.

કોંગ્રેસના ગઢ અમેઠીમાં ૧૨મી જાન્યુઆરીએ એએપીની રેલી

અમેઠી,તા. ૬

કોંગ્રેસના ગઢ અમેઠીમાંથી ચૂંટણી લડવાની તૈયારી કરી ચુકેલી આમ આદમી પાર્ટીએ ૧૨મી જાન્યુઆરીના દિવસે અમેઠીમાં ભવ્ય રેલી યોજવાની તૈયારી કરી લીધી છે. આમ આદમી પાર્ટીનાનેતા કુમાર વિશ્વાસનું કહેવું છે કે આ રેલીની તૈયારી શરૂ થઈ ચુકી છે. કુમાર વિશ્વાસ આ રેલીમાં પક્ષના અન્ય નેતાઓ સાથે ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીના મતવિસ્તાર અમેઠીમાં યોજાનારી આ રેલીને લઈને કોંગ્રેસ પણ આક્રમક મૂડમાં છે. રાહુલ સામે ચૂંટણી લડવાની જાહેરાત કુમાર વિશ્વાસ કરી ચુક્યા છે. એએપીના સ્થાનિક જિલ્લા કન્વિનર હનુમાનસિંહે કહ્યુ છેકે યુવાનો મોટી સંખ્યામાં ટેકો આપવા આગળ આવી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે એએપીની રેલી નહેરુ-ગાંધીની પરંપરાના અંતની શરૂઆત રહેશે. સામાન્ય લોકોના હાથમાં સત્તા આપવા માટે સામાન્ય લોકો તૈયાર છે.

બેરોજગારી અને અન્ય સ્થાનિક મુદ્દાઓની સમસ્યાઓનો સામનો કરી રહેલા લોકો હવે પરિવર્તન ઈચ્છે છે. એએપી વિકલ્પ આપવા માટે તૈયાર છે. સ્થાનિક સ્તરે આમ આદમી પાર્ટી ઉત્તરપ્રદેશમાં પણ તેના નેટવર્કને ફેલાવવાની તૈયારીમાં છે.

મનમોહનસિંહના મિશનથી ૧૨૫ પ્રોજેક્ટો પાટા ઉપર

નવી દિલ્હી,તા.૬

વડાપ્રધાન મનમોહનસિંહે અર્થતંત્રને ઝડપી બનાવવાના હેતુસર લાંબા સમયથી અટવાઈ પડેલા ઈન્વેસ્ટમેન્ટ પ્રોજેક્ટોને કેબીનેટ કમીટી ઓન ઈન્વેસ્ટમેન્ટ (સીસીઆઈ) મારફતે મંજૂરી આપવાની જે સ્કીમની શરૂઆત કરી હતી તેના દ્વારા છેલ્લા સમાહમાં ઘણી મહત્વપૂર્ણ કામગીરી પૂરી કરી લીધી છે. મનમોહનસિંહના નવા મિશનથી ૧૨૫ મોટા પ્રોજેક્ટ પાટા ઉપર આવી ગયા છે. આ ગાળા દરમિયાન ચાર લાખ કરોડ રૂપિયાથી વધુના આશરે ૧૨૫ પ્રોજેક્ટોને ઉદાસીનતામાંથી બહાર કાઢીને તેમની સામે રહેલી અડચણોને દૂર કરી લેવામાં આવી છે. આ ૧૨૫ પ્રોજેક્ટોને ફરી પાટા ઉપર લાવીને સજીવન કરવામાં આવ્યા છે. આર્થિક મંદીના વર્તમાન દોરમાં ભારતીય કંપની માટે સૌથી મહત્વપૂર્ણ ઘટનાક્રમ છે. સરકારના આ પગલાંનો લાભ ઉઠાવવા માટે ૧૫.૫૦ લાખ કરોડ રૂપિયાના આશરે ૨૮૦ અન્ય પ્રોજેક્ટોના પ્રમોટર્સે પણ સીસીઆઈ અને તેના હેઠળ આવનાર સ્પેશિયલ પ્રોજેક્ટ મોનિટરીંગ ગ્રૂપ (પીએમજી) મારફતે અટવાઈ પડેલા પ્રોજેક્ટોને મંજૂરી આપવાના હેતુસર રજૂઆત કરી છે. સાથે સાથે દસ્તાવેજોમાં રહેલી તકલીફો દૂર કરવાના પ્રયાસ હાથ ધર્યા છે. આમા દેશના હજુ સુધીના સૌથી મોટા પ્રોજેક્ટ પોસ્કોના ઓરિસ્સામાં ૫૫૦૦૦ કરોડ રૂપિયાના ઈન્ટીગ્રેટેડ સ્ટીલ પ્લાન્ટ સામેલ છે. આ પ્રોજેક્ટને મંજૂરી મળવામાં ખૂબ સમય લાગ્યો છે. મંજૂરી મેળવવા અને જમીન અધિગ્રહણ માટે ગયા મહિને કેબીનેટ સચિવાલયનો સંપર્ક કરવામાં આવ્યો હતો. કેટલાક અન્ય પ્રોજેક્ટો પણ લાઈનમાં છે. કન્ફડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીના પ્રમુખ એસ ગોપાલકૃષ્ણને કેન્દ્ર સમક્ષ પીએમજી મારફતે વિચારણા હેઠળ લાવવામાં આવનાર પ્રોજેક્ટોમાં મૂડીરોકાણની મર્યાદાને ૧૦૦૦ કરોડથી ઘટાડીને ૫૦૦ કરોડ રૂપિયા કરવાની વાત કરી છે. તેમનું કહેવું છે કે અર્થતંત્ર માટે આ મર્યાદાવાળા મૂડીરોકાણના પ્રોજેક્ટ પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

સમાચાર ઝલક

- ♥ આમ આદમી પાર્ટીના કુમાર વિશ્વાસે વિવાદિત પ્રશ્નોની માફી માંગી.
- ♥ કાશ્મીર તથા હિમાચલમાં બરફનો પ્રકોપ.
- ♥ મુંબઈ-મહારાષ્ટ્રમાં વીજળી ભાવ ઘટાડવા દેખાવો.
- ♥ શ્રી વિપુલ ચૌધરી સામેની અવિશ્વાસની દરખાસ્તને હાઈકોર્ટે માન્ય રાખી.
- ♥ ઊંઝા નજીક ઐઠોર ચોકડી પાસે એ.ટી.એસ.ની ઉઠાંતરી રૂ. ૧૧ લાખ ભરેલા હતા.
- ♥ ખેડબ્રહ્મામાં જીપ પલટી ખાતાં ઈજનેરનું કરૂણ મૃત્યુ.
- ♥ દહેગામ-નરોડા રોડ પર એક કંપનીમાંથી દોઢ લાખની તસ્કરી થઈ.
- ♥ નવસારી વિદેશી ભારતીય ખાતામાંથી સાઈબર કાઈમથી એક કરોડની ઉઠાંકરી.
- ♥ ભારત સાથે શાંતિ રાખવા માંગતું પાકિસ્તાન.
- ♥ ન્યાયાધીશ ગાંગુલીની અરજી ફગાવતી સુપ્રીમ કોર્ટ.
- ♥ તેલુગુ અભિનેતા કિરણ ઉદયે આપઘાત કર્યો.
- ♥ મધ્યમ-પશ્ચિમ અમેરીકા ઠંગુગાર.
- ♥ શ્રી પ્રશાંત ભૂષણના કાશ્મીર અંગેના વિવાદાસ્પદ નિવેદનથી ઉહાપોહ.
- ♥ લોકસભાની ચૂંટણી માટે ચૂંટણી પંચની તૈયારી તંત્રમાં દોડધામ.
- ♥ ઉધમપુરમાં ઠંડીના કરાણે ૮ ના મોત.
- ♥ પશ્ચિમ બંગાળમાં બસ ડ્રાઈવરોની હડતાલ.
- ♥ પતિયાલા જેલમાં કેદી પોલીસ વચ્ચે અથડામણ થતાં બંને પક્ષે ઈજાગ્રસ્ત.
- ♥ ન્યુયોર્કમાં આગ લાગતાં ૧૧નાં કરૂણ મૃત્યુ.
- ♥ ઈરાનમાં અલકાયદા તંબુ પર બોંબમારો.
- ♥ દિલ્હીમાં વીજ કંપનીઓનું ઓડિટ કરાવાશે.

નાસ્કોમના પ્રમુખ તરીકે ચંદ્રશેખરની વરણી થઈ

નવી દિલ્હી,તા.૬

ભૂતપૂર્વ ટેલિકોમ સચિવ આર ચંદ્રશેખર નાસ્કોમના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી ચૂક્યા છે. હવે તેમની સામે ઘણા પડકાર રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે આર ચંદ્રશેખરના નેતૃત્વ હેઠળ જ સરકારી આઈટી વિભાગની પ્રથમ વખત રચના કરવામાં આવી હતી. ચંદ્રશેખરે નાસ્કોમના પ્રમુખ તરીકે જવાબદારી સંભાળી લીધી છે. નાસ્કોમ ૧૦૮ અબજ ડોલરના ભારતીય આઈટી-બીપીએમ ઈન્ડસ્ટ્રીનું પ્રતિનિધિત્વ કરે છે. ૨૦૦૭-૧૩ના ગાળા દરમિયાન નાસ્કોમના પ્રમુખ તરીકે સેવા આપી ચૂકેલા સોમ મિત્તલની જગ્યાએ ચંદ્રશેખર જવાબદારી સંભાળશે. તેમણે આ જવાબદારી સંભાળી લીધા બાદ કહ્યું હતું કે નાસ્કોમને નવી ઊંચાઈ તરફ લઈ જવા માટે તેઓ તૈયાર છે. ૨૦૨૦ સુધી ૩૦૦ અબજ ડોલરના મહેસૂર સુધી આને લઈ જવા તેમની યોજના છે.

ઈન્ટરનેટ કનેક્શન અતિ ઝડપી કરાશે

૧૦-૧૨ ગણી ઝડપી ફોરજી બ્રોડબ્રેન્ડ માટે હિલચાલ શરૂ

નવી દિલ્હી,તા.૬

ફોરજી વાયરલેસ બ્રોડબ્રેન્ડ સેવાઓ માટે દેશભરમાં સ્પેક્ટ્રમ હાંસલ કરનાર રિલાયન્સ જીયોએ પોતાના કસ્ટમરોને થ્રીજી નેટવર્કની સરખામણીમાં ૧૦થી ૧૨ ઘણી વધુ ઝડપી ઈન્ટરનેટ કનેક્શન આપવાની યોજના બનાવી દીધી છે. કંપનીના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે અમે સામાન્ય રીતે ૪૯ મેગા બીટ પ્રતિ સેકન્ડ એમબીપીએસ ડાઉનલીંક (ડાઉન લોડ) અને ૮-૯ મેગા બીટ પ્રતિ સેકન્ડ અપલીંક હાંસલ કરી રહ્યા છીએ. સૈદ્ધાંતિક રીતે વર્તમાન વ્યવસ્થામાં અમે ૧૧૨ એમબીપીએસ ડાઉન્ડલીંકની સ્પીડ હાસલ કરી શકીએ છીએ. ૪૯ એમબીપીએસની સ્પીડ ઉપર વ્યક્તિ એક સમગ્ર ફિલ્મ માત્ર બે મિનિટમાં જ ડાઉનલોડ કરી શકે છે જે સામાન્ય રીતે ૬૦૦ મેગાબાઈટ્સની હોય છે. થ્રીજી એમબીપીએસની છે. રિલાયન્સની આ સુવિધાથી લોકોને સીધો ફાયદો થઈ શકે છે. તેમણે એમ પણ કહ્યું છે કે કંપની ફોન અને ટીવી સેવાઓ સહિત પ્રોડક્ટના પરીક્ષણ કરી રહી છે. જેને તે - ફોરજી નેટવર્કના મારફતે ઉપલબ્ધ કરાવશે. રિલાયન્સ જીયોની આ આકર્ષક યોજનાને લઈને તેના ગ્રાહકોને મોટી રાહત થવાના સંકેત દેખાઈ રહ્યા છે.

તાજેતરના સમયમાં ઈન્ટરનેટનો ઉપયોગ વધારે થવા લાગ્યો છે. મોબાઈલ ઉપર ઈન્ટરનેટનો ઉપયોગ વધતાં આને લઈને પણ કંપનીઓ હવે ગ્રાહકોને આકર્ષિત કરવાના પ્રયાસમાં છે. આવી સ્થિતિમાં રિલાયન્સ જીયો પણ પાછળ રહેવા ઈચ્છુક નથી. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમે મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ જીયો ઈન્ફોકોમને ૨.૨ કરોડ નંબર જારી કર્યા છે. કંપની દેશમાં ફોરજી સર્વિસ શરૂ કરવાની તૈયારીમાં છે. સૂત્રોનું કહેવું છે કે આરજેઆઈએલને ૨.૨ કરોડ નંબર જારી કરી દેવામાં આવ્યા છે. જો કે કંપનીએ આ સંદર્ભમાં હજુ સુધી સ્પષ્ટતા કરી નથી. આરજેઆઈએલને યુનીફાઈડ સર્વિસ લાઈસન્સ મળેલું છે જે હેઠળ તે બ્રોડબેન્ડ અને મોબાઈલ સર્વિસ આપી શકે છે. માત્ર આ કંપનીની પાસે ભારત માટે બ્રોડબેન્ડ વાયરલેસ એક્સેસ સ્પેક્ટ્રમ છે. આનો ઉપયોગ ફોરજી સર્વિસ માટે કરવામાં આવી શકે છે. કંપનીએ બેદિવસ પહેલા જ ભારતીય એરટેલના મૂળભૂત દૂરસંચાર માળખાના ઉપયોગ માટે તેની સાથે સમજૂતી કરી હતી. ભારતીય એરટેલ સાથે થયેલી સમજૂતી હેઠળ રિલાયન્સ જીયો તેના ટુજી અને થ્રીજી સ્પેક્ટ્રમનો ઉપયોગ પણ કરી શકશે. આવી જ રીતે એરટેલને રિલાયન્સ જીયોના ફોરજી જીયોને ઉપયોગ કરવાની તક મળશે. બંને વચ્ચેની હિલચાલને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

સતત ચોથા દિવસે પણ મંદી જારી : ૬૪ પોઈન્ટનું ગાબડુ

મુંબઈ,તા.૬

શેરબજારમાં આજે સતત ચોથા દિવસે મંદીનું મોજુ રહ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૬૪ પોઈન્ટ ઘટીને ૬ ૧૯૧ની સપાટીએ રહ્યો હતો. સરકારે આજે પ્રત્યક્ષ કરવેરા વસૂલાતના આંકડા જારી કર્યા હતા. ઈન્ફોસિસના શેરમાં ૧.૪૪ ટકાનો ઘટાડો થયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૩૫ અને સ્મોલકેપમાં ૦.૯૫ ટકાનો ઉછાળો રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો બેકિંગ સેક્ટર ઈન્ડેક્સમાં સૌથી વધુ ૧.૧૩ ટકાનો અને રિયાલિટી ઈન્ડેક્સમાં ૦.૭૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. પાવર ઈન્ડેક્સમાં ૦.૪૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છેકે ઉથલપાથલના સેશન્સ વચ્ચે શેરબજારમાં શુક્રવારે ફ્લેટ સ્થિતિ રહી હતી. શુક્રવારે કારોબારના અંતે સેન્સેક્સ ૩૭ પોઈન્ટ ઘટી ૨૦૮૫૧ની અને નિફ્ટી ૧૦ પોઈન્ટ ઘટી ૬ ૨૧૧ની સપાટીએ રહ્યો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ગુરુવાર સુધી ૧૧૧૦ કરોડના કિંમતની શેરની ખરીદી કરી હતી. એશિયન બજારો પણ શુક્રવારના દિવસે નબળી સ્થિતિમાં રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છેકે સેન્સેક્સે હાલમાં જ ૨૧ હજારની સપાટી મેળવી લીધી હતી પરંતુ ફરી એકવાર તેમાં ઘટાડાનો દોર શરૂ થયો છે. નવા વર્ષમાં કારોબારીઓ દિશાહિન રહ્યા છે. એક પણ દિવસે શેરબજારમાં તેજી જોવા મળી નથી જે ખૂબજ નિરાશાવાળી બાબત છે પરંતુ કારોબારીઓએ આશા છોડી નથી.